Rag No . :- Title-Code:-GJKCIN99021

ગાંધીધામ - કચ્છ

# ગાંધીધામ ક્રાઈમ પેટ્રોલ ન્યુઝ

24X7 જી.સી.પી ન્યુઝ ગાંધીધામ ક્રાઈમ પેટ્રોલ ન્યુઝ

GANDHIDHAM CRIME PETROL NEWS

સપ્તાહિક

WEEKLY NEWS PAPER

Owner, Printer, Publisher & Editor : Maheshwari Vishalbhai Babubhai

Email : gandhidhamcrimepetrolnews@gmail.com

● માલિક - મુદ્રક - પ્રકાશક - તંત્રી : મહેશ્વરી વિશાલભાઈ M.6353824749 ●

Date : 15-05-2025,THURSDA Y•• Page : 4•• Price Rs. 2.00 •• Annual Subsctiprion: Rs/ 100/-

Gandhidham kutch - gujarat 370001

# સેનાની હિંમતને સલામ કરવા પીએમ મોદી આદમપુર એરબેઝ પહોંચ્યા

## જવાનો સાથે કરી મુલાકાત : જવાનો સાથે સેલ્ફી પણ લીધી

નવી દિલ્હી, તા.૧૩

'ઓપરેશન સિંદૂર' દ્વારા પાકિસ્તાન અને તેના દ્વારા આશ્રય પામેલા આતંકવાદીઓને પાઠ ભણાવ્યા બાદ, વડા પ્રધાન નરેન્દ્ર મોદી મંગળવારે પંજાબના આદમપુર એરબેઝ પહોંચ્યા. અહીં તે સેનાના સૈનિકોને મળ્યો. આ એ જ એરબેઝ છે જે જલંધરમાં સ્થિત છે, જેના પર પાકિસ્તાને ખોટો દાવો કર્યો હતો કે તેને નુકસાન થયું છે. જોકે, વિદેશ સચિવ વિક્રમ મિશ્રીએ ૧૧ મેના રોજ જ પ્રેસ કોન્ફરન્સમાં આ દાવાનું ખંડન કર્યું હતું. હવે અહીં પહોંચીને પીએમ મોદીએ પાકિસ્તાનના દુષ્પ્રચારનો પર્દાફાશ દુનિયા સામે કર્યો છે.

મળતી માહિતી મુજબ, પ્રધાનમંત્રી મોદી આજે વહેલી સવારે આદમપુર એરબેઝ પહોંચ્યા હતા. તેમણે વાયુસેનાના બહાદુર સૈનિકો સાથે પણ વાતચીત કરી. આ દરમિયાન વાયુસેનાના જવાનોએ વર્તમાન પરિસ્થિતિ વિશે માહિતી આપી. આ પ્રવાસની ઘણી તસવીરો સામે આવી છે. એક તસવીરમાં પીએમ મોદીની પાછળ એક ભારતીય ફાઈટર પ્લેન દેખાય છે અને તેના પર લખ્યું છે- દુશ્મનના પાઈલટ્સ બરાબર કેમ સૂઈ શકતા નથી?

પ્રધાનમંત્રી મોદી વહેલી સવારે વાયુસેનાના વિમાન દ્વારા જલંધરના આદમપુર એરબેઝ પહોંચ્યા. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને સશસ્ત્ર દળોના જવાનોએ 'વંદે માતરમ' અને 'ભારત માતા કી જય'ના નારા લગાવ્યા. આ મુલાકાત દરમિયાન એક બીજી વાત સ્પષ્ટ થઈ કે જો વડાપ્રધાન મોદીનું વિમાન આ એરબેઝ પર ઉતરી શકે છે, તો તેના પર એક પણ લસરકો નથી. આ મુલાકાતે પાકિસ્તાનનો દુષ્ટ ચહેરો અને તેના જૂઠાણાના સ્ટોરને દુનિયા સમક્ષ ઉજાગર કરી દીધો છે.

આદમપુર પહોંચીને પીએમ મોદીએ પાકિસ્તાનના પ્રચારનો પણ નાશ કર્યો છે. હકીકતમાં, પાકિસ્તાને ખોટો દાવો કર્યો હતો કે તેણે ભારતીય લશ્કરી થાણાઓને નુકસાન પહોંચાડ્યું છે. આ અંગે વિદેશ સચિવ વિક્રમ મિશ્રીએ પ્રેસ કોન્ફરન્સમાં સ્પષ્ટપણે કહ્યું હતું કે સિરસા અને આદમપુર એરબેઝને નુકસાન પહોંચાડવાના પાકિસ્તાનના દાવા સંપૂર્ણપણે ખોટા છે. પ્રેસ બ્રીફિંગ દરમિયાન, આ એરબેઝની તસવીરો પણ બતાવવામાં આવી હતી, જે દર્શાવે છે કે ત્યાં બધું સામાન્ય હતું. આવી સ્થિતિમાં, પીએમ મોદીની



આદમપુર મુલાકાતે પાકિસ્તાનના જુઠ્ઠાણાનો પર્દાફાશ આખી દુનિયા સમક્ષ કર્યો છે.

પીએમ મોદી એરબેઝ પર પહોંચ્યા અને બતાવ્યું કે તે સંપૂર્ણપણે કાર્યરત છે. આદમપુર એર બેઝ ભારતના ફાઈટર એરક્રાફ્ટ મિગ ૨૯નું બેઝ છે. એરબેઝ પર પ્રધાનમંત્રી મોદી સાથે એર ચીફ માર્શલ એપી સિંહ પણ હાજર હતા. આદમપુર એરબેઝ પાકિસ્તાન સરહદની નજીક આવેલું છે. આ દુશ્મન પર ઝડપથી હુમલો કરવામાં મદદ કરે છે.

પીએમ મોદીએ 'X' પર મુલાકાતની કેટલીક તસવીરો શેર કરી. તેમણે લખ્યું, 'આજે સવારે મેં એરફોર્સ સ્ટેશન આદમપુરની મુલાકાત લીધી અને આપણા બહાદુર હવાઈ યોદ્ધાઓ અને સૈનિકોને મળ્યા.' હિંમત, દ્રઢ નિશ્ચય અને નિર્ભયતાનું પ્રતિક એવા લોકો સાથે રહેવું ખૂબ જ ખાસ અનુભવ હતો. ભારત આપણા સશસ્ત્ર દળોનો આપણા રાષ્ટ્ર માટે જે કંઈ કરે છે તેના માટે હંમેશા આભારી રહેશે.

આ પહેલા પીએમ મોદીએ સોમવારે રાષ્ટ્રને સંબોધન કર્યું હતું અને ભારતીય સશસ્ત્ર દળોની પ્રશંસા કરી હતી . તેમણે પાકિસ્તાની આતંકવાદીઓ સામે શરૂ કરાયેલા ઓપરેશન સિંદૂર માટે ભારતીય સશસ્ત્ર દળોની ખૂબ પ્રશંસા કરી હતી. તેમણે કહ્યું હતું કે છેલ્લા દિવસોમાં આપણે દેશની તાકાત અને તેનો સંયમ બંને જોયા છે. સૌ પ્રથમ, દરેક ભારતીય વતી, હું ભારતની શક્તિશાળી સેનાઓ, સશસ્ત્ર દળો, આપણી ગુપ્તચર એજન્સીઓ, આપણા વૈજ્ઞાનિકોને સલામ કરું છું. આપણા બહાદુર સૈનિકોએ ઓપરેશન સિંદૂરના ઉદ્દેશ્યોને પ્રાપ્ત કરવા માટે અપાર હિંમત દર્શાવી. હું આ બહાદુરી, હિંમત અને બહાદુરી આપણા દેશની દરેક માતા, દેશની દરેક બહેન અને દેશની દરેક દીકરીને સમર્પિત કરું છું.

૨૨ એપ્રિલે જમ્મુ અને કાશ્મીરના પહેલગામમાં થયેલા આતંકવાદી હુમલાના ૧૫ દિવસ પછી, ભારતીય સેનાએ ૭ મેના રોજ 'ઓપરેશન સિંદૂર' હેઠળ પાકિસ્તાન અને પીઓકેમાં નવ આતંકવાદી ઠેકાણાઓનો નાશ કર્યો હતો. જેમાં ઘણા કુખ્યાત આતંકવાદીઓ પણ માર્યા ગયા હતા.

આ પછી, બંને દેશો વચ્ચેની પરિસ્થિતિ વધુ ખરાબ થઈ અને બે દાયકા પછી તેની ટોચ પર પહોંચી. પાકિસ્તાને ભારતીય શહેરોને નિશાન બનાવવાનું શરૂ કર્યા પછી, ભારતના વાયુ સંરક્ષણ પ્રણાલીએ તમામ હુમલાઓને નિષ્ફળ બનાવીને યોગ્ય જવાબ આપ્યો.

ભારતે વળતો જવાબ આપ્યો અને ૧૪ પાકિસ્તાની લશ્કરી ઠેકાણાઓનો નાશ કર્યો. આનાથી ગભરાઈને, પાકિસ્તાને ભારત સમક્ષ યુદ્ધવિરામનો પ્રસ્તાવ મૂક્યો, જેનો અમલ બંને દેશોએ પરસ્પર ચર્ચા બાદ કર્યો. જોકે, થોડા કલાકો પછી પાકિસ્તાન દ્વારા તેનું ઉલ્લંઘન કરવામાં આવ્યું, જેનો ભારતીય સેનાએ યોગ્ય જવાબ આપ્યો.

# માપણીની કામગીરી પૂર્ણ, મોટાબજારના મુખ્ય માર્ગે ૨૦થી વધુ દુકાનોનું દબાણ

## પાથરણાવાળાને હટાવી દુકાનદારોને વોર્નિંગ અપાઇ હતી

નવસારીના રાજમાર્ગો પહોળા કરવાની હિલચાલ બાદ હવે નવસારી મોટા બજાર વિસ્તારમાંથી પસાર થતા ટાટા સ્કૂલ તરફ જતાં રોડ પર માર્જીન કરતા વધુ જગ્યા ગેરકાયદે રીતે દબાણ કરી કબજો જમાવનાર દુકાનદારો સામે આગામી દિવસોમાં મનપા દ્વારા કાર્યવાહી કરાશે. તાજેતરમાં જ મનપા સત્તાધિશોએ દબાણ ઉભુ કરનારા દુકાનદારોને વોર્નિંગ આપી હતી અને પાથરણા વાળાઓને તાત્કાલિક દબાણ દૂર કરી સામાન જપ્ત કર્યો હતો.



આજે દિવસ દરમિયાન મનપાના સત્તાધિશોએ ખાસ કરીને દબાણ શાખાના કર્માચારીઓ સાથે ડેપ્યુટી કમિશનર વાસાણીએ સ્થળ મુલાકાત લઈ સર્વેની કામગીરી દરમિયાન સૌપ્રથમ માપણી કરી હતી. જેમાં ૨૦થી વધુ દુકાન રોડ માર્જીન કરતા વધુ જગ્યા રોકી દબાણ ઉભી કર્યાનું સ્પષ્ટ જણાયું હતું. આગામી સમયમાં આ દુકાનોને દૂર કરવા મનપા દ્વારા કાર્યવાહી થાય તેવી શક્યતા છે.

લાંબા સમયથી કેટલીક જગ્યાઓ પર શહેરમાં બજાર વિસ્તારમાં દબાણ ઉભુ થયું હતું તેને દૂર કરી રસ્તો ખુલ્લો કરવાની કામગીરી હાથ ધરવામાં આવશે. હાલ તે માટે પ્રાથમિક ધોરણે સર્વે કર્યા બાદ માપણી કરી લેવાઈ છે. ટુકા ગાળામાં જ મનપા દ્વારા કાર્યવાહી કરવામાં આવશે. - ગૌરાંગ વાસાણી, ડેપ્યુટી કમિશનર, મનપા. નવસારી.

# અગ્રવાલ સમાજ સિરક્રિકમાં જવાનો માટે બાયોકેમિકલ શૌચાલય બનાવશે

(ક્રાઈમ રીપોર્ટર) ભુજ

ગાંધીધામ અગ્રવાલ સમાજ દ્વારા જિલ્લાની સરહદે સિરક્રિકમાં જવાનો માટે ૧૦ બાયોકેમિકલ શૌચાલય બનાવવામાં આવશે. આ માટે લગભગ ૪.૫૦ લાખ સુધીનો ખર્ચ આવવાની સાંભવના છે. રાષ્ટ્રભક્તિ એ દાનની સરવણી થતાં આ કાર્ય સરળ બન્યું છે. અંજાર પ્રાંત અધિકારી અને મહાનગરપાલિકાના કમિશનર દ્વારા સરહદ ઉપર સિરક્રિકમાં ફરજ બજાવતા જવાનો માટે બાયોકેમિકલ શૌચાલય બનાવવાનાં છે અને પ્રતિ યુનિટ ૪૫ હજાર જેટલો ખર્ચ આવવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી હતી. આ જવાબદારી ગાંધીધામ અગ્રવાલ સમાજ દ્વારા ઊઠાવવામાં આવી હતી. સમાજના પ્રમુખ સમીરભાઈ ગર્ગે સમાજને આ બાબતે અવગત કરીને રાષ્ટ્ર માટે યથાશક્તિ મદદ કરવાનું આહ્વાન કર્યું હતું. આ સાથે જ સમાજના મોભીઓ, અગ્રણીઓએ ઝાંબાઝ જવાનો માટે આગળ આવીને દાનની સરવણી વહાવી હતી. લગભગ થોડા જ સમયમાં ભંડોળ ભેગું થઈ ગયું હતું. સમાજના અગ્રણીઓએ સૈન્ય જવાનોની સેવા રાષ્ટ્ર સેવાનો જ ભાગ છે. તેના માટે મોભીઓ સદા તત્પર રહેશે તેઓ ઉદ્ગાર વ્યક્ત કર્યો હતો તેવું સમાજના પ્રવક્તા અશોક મિત્તલે જણાવ્યું હતું.

# વિરાટ કોહલી ટેસ્ટ ક્રિકેટમાંથી નિવૃત્તિ લેતાં અનુષ્કા શર્મા ભાવુક થઈ ગઈ,મને તે આંસુ યાદ છે જે તેણે ક્યારેય બતાવ્યા નહીં

નવીદિલ્હી

બોલિવૂડ અભિનેત્રી અને નિર્માતા અનુષ્કા શર્માએ તેના પતિ અને પ્રખ્યાત ક્રિકેટર વિરાટ કોહલીના ટેસ્ટ ક્રિકેટમાંથી નિવૃત્તિ પર ઈન્સ્ટાગ્રામ પર ભાવનાત્મક પ્રતિક્રિયા આપી. પોતાની પોસ્ટમાં અનુષ્કાએ જણાવ્યું કે ભલે તેને ખ્યાલ હતો કે વિરાટ એક દિવસ ટેસ્ટ ક્રિકેટને અલવિદા કહેશે, પરંતુ જ્યારે આ ક્ષણ આવી ત્યારે તેણે તેને પૂરા પ્રેમ અને ગૌરવ સાથે સ્વીકારી. સોમવારે વિરાટના નિવૃત્તિના સમાચારે તેના ચાહકોને આઘાત આપ્યો અને લાખો હ્રદયને દુઃખી કર્યા. આ અંગે અનુષ્કા શર્માની પહેલી પ્રતિક્રિયા પણ તરત જ વાયરલ થઈ ગઈ. બંનેના ચાહકો આ અંગે સતત પોતાની પ્રતિક્રિયાઓ શેર કરી રહ્યા છે.

અનુષ્કાએ આ પોસ્ટમાં એક સુંદર તસવીર શેર કરી છે, જે એક ટેસ્ટ મેચમાંથી લેવામાં આવી છે. આ તસવીરમાં અનુષ્કા શર્મા અને વિરાટ સાથે જોવા મળી રહ્યા છે. વિરાટે ટેસ્ટ



ક્રિકેટ જર્સી પહેરી હતી, જ્યારે અનુષ્કાએ સફેદ ડ્રેસ પહેર્યો હતો. વિરાટ અનુષ્કાના ખભા પર હાથ રાખે છે અને તેની તરફ સ્મિત કરે છે. આ સાથે, અનુષ્કાના ચહેરા પર એક મોટું સ્મિત પણ છે. આ યાદગાર ફોટો સાથે અનુષ્કાએ કેપ્શનમાં લખ્યું, 'લોકો રેકોર્ડ્સ અને સિદ્ધિઓ વિશે વાત કરી શકે છે, પરંતુ મને હંમેશા તે આંસુ યાદ રહેશે જે તમે ક્યારેય કોઈને ન બતાવ્યા, તે સંઘર્ષ જે બધાની નજરથી છુપાયેલ રહ્યો અને આ ફોર્મેટ માટેનો તમારો નિઃસ્વાર્થ પ્રેમ.' મને ખબર છે કે આ યાત્રાએ તમારી પાસેથી કેટલું બધું લીધું છે.

તેમણે આગળ લખ્યું, 'દરેક ટેસ્ટ શ્રેણી પછી તમે થોડા વધુ પરિપક્વ અને નમ્ર પાછા ફર્યા.' આ સફરમાં તમને વધતા જોવું મારા માટે ગર્વ અને સૌભાગ્યની વાત રહી છે. કોઈક રીતે, મને હંમેશા લાગતું હતું કે તું ગોરાઓમાં આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી નિવૃત્તિ લઈશ, પણ તું હંમેશા તારા હ્રદયનું સાંભળ્યું છે અને તેથી હું ફક્ત એટલું જ કહેવા માંગુ છું કે, મારા પ્રેમ, તું આ ગુડબાયની દરેક ક્ષણ જીતી ગયો છે. સફેદ રંગમાં રમવું એ ખૂબ જ વ્યક્તિગત બાબત છે. શાંત મહેનત, લાંબા દિવસો, નાની ક્ષણો જે કોઈ જોતું નથી પણ તે હંમેશા તમારી સાથે રહે છે.ટેસ્ટમાં ભારતના સૌથી સફળ કેપ્ટન કોહલીનો રન-સ્કોરિંગ ફોર્મ કોવિડ પછી ઘટતો ગયો છે કારણ કે તફાવત આશ્ચર્યજનક છે. ૨૦૧૯ સુધીમાં, કોહલી ૧૪૧ ટેસ્ટ ઈનિંગ્સ (૮૪ મેચ) માં ૫૪.૯૭ ની સરેરાશથી ૭૨૦૨ રન બનાવી રહ્યો હતો. જોકે, ૨૦૨૦ ની શરૂઆતથી, કોહલીએ ૬૯ ઈનિંગ્સ (૩૯ મેચ) માં ૩૦.૭૨ ની સરેરાશથી ફક્ત ૨૦૨૮ રન બનાવ્યા છે, જેમાં ફક્ત ત્રણ સદીનો સમાવેશ થાય છે.

# નારાયણ સરોવરના યુવક સામે પાકિસ્તાની આર્મીની ટેન્કના રીલને લાઈક કરનાર યુવક સામે ગુનો નોંધાયો

(ક્રાઈમ રીપોર્ટર) ભુજ

હાલની પરિસ્થિતિમાં સોશિયલ મીડિયા પર સાયબર પોલીસ દ્વારા બાજ નજર રાખવામાં આવી રહી છે. તેવામાં લખપત તાલુકાના નારાયણ સરોવર વિસ્તારમાં રહેતા યુવાને ઈન્સ્ટાગ્રામમાં પાકિસ્તાની આર્મીની ટેન્કો ટ્રેનમાં જતી હોવાની રીલને લાઈક કરતા ફરિયાદ નોંધવામાં આવી છે.

ભુજ બોર્ડર રેન્જ સાયબર ક્રાઈમ પોલીસમાં આ બાબતે અકબર રજાક સોઢા નામના ૨૧ વર્ષિય યુવક સામે ગુનો દાખલ કરવામાં આવ્યો છે. તેણે ૮ તારીખે પોતાના ઈન્સ્ટાગ્રામમાં આ રીલ લાઈક કરી હતી. હાલની પરિસ્થિતિમાં દેશની રાષ્ટ્રીય એકતા અને અખંડિતતાને ગેરમાર્ગે દોરે તેવું કૃત્ય કર્યું હોવાથી ગુનો દાખલ કરી અટકાયત કરાઈ હોવાનું પોલીસે જણાવ્યું હતું.

# હજી પણ સ્ત્રીઓ શા માટે ઘરેલું હિંસા સહન કરે છે?




આપણે ચોતરફ જોઈએ છીએ કે અનેક ઘરની સ્ત્રીઓ અવારનવાર પતિ/ સાસુ/ સસરા તરફથી રમાર ખાતી હોય છે. મારા મનમાં પ્રશ્ન ઉઠે છે કે આમ કેમ? શા માટે આ સ્ત્રીઓ સહન કરે છે આવા મેથીપાક/ માર? આ ઘરેલું હિંસાના દાયરામાં આવે ને? તો પણ કેમ ઘણીબધી સ્ત્રીઓ પોલીસને તો શું પોતાના પાડોશી/ પિયરીયાં કે મિત્રોથી પણ છુપાવે આ ગુનો? આ પ્રશ્નના જવાબ દ્વારા દરેક સ્ત્રીઓને રઘરેલું હિંસા સહન કરવાને બદલે તેના વિરુદ્ધ અવાજ ઉઠાવવા બળ મળે તે ઈચ્છું છું. રઘરેલું હિંસા ના વિવિધ પાસાં સમજાવો.

ઘરેલું હિંસા/ડોમેસ્ટિક વાયોલન્સ એટલે ઘરની ચાર દીવાલો વચ્ચે ઘરનાં જ પોતીકા લોકો દ્વારા થતો અત્યાચાર જે શારીરિક કે માનસિક કોઈપણ રીતે થતો હોય. તેને કારણે તેનો ભોગ બનનારનાં સ્વાસ્થ્ય, સુરક્ષા કે જીવન દોઝખ બને, તેને આર્થિક પરેશાની વેઠવી પડે. તેમનું અપમાન કે દુ:ખ અસહનીય બની જાય અને તેઓ માનસિક રીતે યાતના સહન કરવા મજબૂરી/ લાચારી અનુભવે.

ભારતમાં ઘરેલું હિંસા અધિનિયમ ૨૦૦૫ અનુસાર બાળકો, મહિલાઓ, વૃદ્ધો અને પુરુષો આ તમામ વર્ગના નાગરિકોનો વિચાર કરવામાં આવ્યો છે. જેમાં પારિવારિક હિંસા, ઘરમાં થતી મારપીટ, વૈવાહિક દુર્વ્યવહાર, સહવાસ/ વિવાહ બાદ અતરંગ સાથી દ્વારા થતી હિંસા જેવા કૃત્યો આપેલ છે તે ઘરેલું હિંસા શારીરિક, મૌખિક, ભાવનાત્મક, આર્થિક કે યૌન શોષણ જે ઘરના જ વ્યક્તિ ઘરની જ વ્યક્તિ સામે આચરે છે અને ગુનો બને છે. વૈશ્રાકિ સ્તરે પત્ની/ મહિલા સાથી ઘરેલું હિંસાનો શિકાર બનતી હોય તેનો દર ઘણો ઊંચો છે. તે પછી બાળકો-વૃદ્ધો-પુરુષો તેમ અનુક્રમે આ હિંસા સહન કરે છે. આ હિંસા જે લોકો આચરે તેની સામે તેને સહન કરનાર વ્યક્તિ ઘરેલું હિંસા અધિનિયમ અંતર્ગત તેમની સામે/ વિરુદ્ધ કેસ કરી શકે છે. આવી હિંસા કરનાર વ્યક્તિ ઘરમાં પોતે સર્વેસર્વા છે અને તેમની મરજી અનુસાર દરેક સભ્યો ઘરમાં વર્તે તેમ ઈચ્છે છે. હિંસક વ્યક્તિ પોતાનું આધિપત્ય સતત જળવાઈ રહે તે માટે અવારનવાર કોઈને કોઈ બહાનાં બનાવી ઘરની અન્ય વ્યક્તિને મારઝૂડ કે ઉપર કહ્યા તેવા કોઈપણ હથકંઠા અપનાવી પીડા આપતા રહે છે. મહિલાઓના કેસમાં આમ થવું આપણા સમાજમાં કેટલું સહજ છે, તે તમારા પ્રશ્નમાં છલકાય છે. ભારતીય સમાજમાં બાળપણથી જ સ્ત્રીઓને સહન કરતા શીખવાય છે.

વાતવાતમાં તેમને દબાવી દેવી, તેમનો મત ના લેવો, તેમને બોલવા ના દેવી, જોરથી ચાલવા કે હસવા ના દેવી જેવી અનેક બંદિઓ સાથે ઉછરતી સ્ત્રીના અસ્તિત્વમાં પોલિયોની રસીની જેમ જ ઠસાવી દેવાય છે કે તે સ્ત્રી છે - તેણે આમ કે તેમ જ કરાય - પાલક/ વર/ સાસુ/ સસરા તો મારે પણ ખરા, ઘર હોય તો બે વાસણ ખખડે ને અવાજ આવે દીકરી ને ગાય દોરે ત્યાં જાય કે તે રપારકી થાપણ કહેવાય. જે એક ગીતમાં પ્રસિદ્ધ થાય ને, એમ પણ કહેવાય કે રફસલે જો કાટી જાય ઊગતી નહિ હૈ બેટિયા જો બ્યાહી જાય મુડતી નહી હૈ ઈન શોર્ટ આ બહાને તેને કહી દે કે હવે પિયરના રસ્તા બંધ છે, ત્યાં ટકી રહેજે અને ત્યાં ટકવા માટે તેણે સહન કરવા પડતાં શારીરિક/ માનસિક અત્યાચારો જયારે બેસુમાર થાય ત્યારે જો ભૂલેચૂકે દીકરી પિયર તરફ આશાભાવે જુએ તો પણ સમજાવાય કે સંસાર છે, ચાલ્યા કરે. થોડું સહન કરી લે. હાથી તો મહેલમાં જ શોભે અને દીકરી તો સાસરે જ શોભે. પિતાના ઘરેથી સાસરે જવાય. મરવાનું તો સાસરામાં જ હોય. આ સિવાય બીજું બધું ઘણું છે આપણી આસપાસ જે સ્ત્રીઓ માટે સમાજમાં જીવવું હોય તો ચૂપચાપ અન્યાય સહન કર્યે જવાનું. અદથી અદકું એવું સામાન્ય બનાવી રહ્યું છે માટે તે છુપાવે છે, પોતાના આંસુ. ઘરની ઉંબર બહારનું વિશ્ર કદાચ તેને સાથ નહિ આપે તો? હું ક્યાં જઈશ જો મારું માથું ઢાંકવાની આ છત છીનવાઈ જશે તો? તેવા ડરથી જ. રકેવલ એક થપ્પડ, લેકિન નહીં માર શકતા જેવા ડાયલોગ હજી આંગળીના વેઢે ગણાય તેટલી સ્ત્રીઓ જ બોલી શકી છે. તેનું કારણ ભારતીય સમાજમાં સ્ત્રીઓને મળતો દોય્યમ દરજ્જો જ છે. તે માટે સ્ત્રીઓએ પહેલ કરવી પડશે પોતાને યથાયોગ્ય માન-સન્માન મળે તે માટે આગળ આવવાની, તે માટે અવાજ ઉઠાવાની. સૌ સ્ત્રીઓ એકમેક માટે સહારો બને અને પોતાના સંતાનોને સમાનતાથી ઉછેરે. છોકરો-છોકરી એક સમાન બનશે ત્યારે જ મહિલાઓની ઘરેલું હિંસા સમજવાની માનસિકતા નાગરિકોમાં કેળવાશે. આસપાસ કોઈ આવા અત્યાચારનો શિકાર બની હોય તેવી સ્ત્રી માટે પણ અવાજ ચોક્કસ ઉઠાવી શકાય. રબેલ બજાવો ને રલડકે રુલાતે નહી જેવા અભિયાન સક્રિય રહેવા જોઈએ. ઘણું બધું છે આ મુદ્દા માટે પણ શક્ય નથી તે વર્ણવવું. ફરી ક્યારેક આ મુદ્દાના બાકી પાસાં ચોક્કસ ચર્ચીશું, પરંતુ હાલ એક વાત ધ્યાનમાં રાખવી કે સ્ત્રીએ પોતે જ નક્કી કરવું પડશે કે અન્યાય નથી સહેવો કે નથી સહેવા દેવો. રના પાડતા શીખવું પડશે. પ્રતિકાર/ સામનો કરવા હિંમત કેળવવી પડે છે ભલે ગમે તેવી

પ્રતિકૂળ પરિસ્થિતિ હોય. ઘણાં બધાં પાસાં અણસ્પર્શ્યા રહ્યાં છે આ ટોપિકના, પણ જે છે તે વાંચી સ્ત્રીઓને ચોક્કસ સકારાત્મક વિચાર મળશે. અસ્તુ.

# મીઠા લીમડાથી મેળવો ખોડાથી મુક્તિ



દરેક મહિલા કે યુવતીની ઈચ્છા હોય છે કે તેના વાળ કાળા ને ઘાટ્ટા હોય, પરંતુ આજની સ્ટ્રેસથી ભરપૂર લાઈફમાં આ કાળા, ઘાટ્ટા વાળ એક સ્વપ્ન સમાન જ છે. જો તમે પણ હેર ફોલ અને વાળની સમસ્યાનો સામનો કરી રહ્યા હોવ તો આજે અમે અહીં કેટલી એવી ટિપ્સ લઈ આવ્યા છીએ કે જે તમારા વાળને સુંદર બનાવવાની સાથે સાથે જ હેર ફોલની સમસ્યાને દૂર કરીને ગ્રોથ વધારવામાં મદદરૂપ સાબિત થશે અને એ પણ કોઈ વધારાના પૈસા ખર્ચ્યા વિના ઘરમાં જ રહેલા આયર્ન અને ફોલિક એસિડથી ભરપૂર મીઠા લીમડાની મદદથી. મીઠો લીમડો સ્વાસ્થ્ય માટે તો સારો છે જ, પણ તેની સાથે સાથે તે વાળ માટે પણ વરદાનરૂપ છે. શિયાળામાં વાળ ખરવા અને ખોડો થવો એ સામાન્ય સમસ્યા છે, જેનો સામનો આપણામાંથી ઘણા લોકો કરી રહ્યા હશે, પરંતુ જો તમે આ સમસ્યાથી બચવા માગતા હોવ તો મીઠા લીમડાના ઘરેલુ નુસખા ટ્રાય કરીને આ સમસ્યાથી છુટકારો મેળવી શકાય છે. આવો જોઈએ કઈ રીતે-

ખોડાને કહો ટાટા-બાય

બાય

શિયાળો શરૂ થાય એટલે વાળમાં ખોડો થાય એ ખૂબ જ સામાન્ય સમસ્યા છે, પણ આ સમસ્યાનો ઉકેલ લાવવો હોય તો ત્રણ બાઉલ મીઠા લીમડાને વાટી લો અને તેમાં દહીં મિક્સ કરીને વાળમાં લગાવી લો. અડધા કલાક પછી વાળ ધોઈ લો. જો તમને કફની તાસીર હોય તો શિયાળામાં આ મિશ્રણ વાળમાં લગાવવાનું ટાળવું, કારણ કે એને કારણે તમને શરદી થઈ શકે છે.

હેર ફોલ ઘટાડે

ખરતા વાળની સમસ્યાથી ચિંતિત થઈને તમે આ સમસ્યાથી છુટકારો મેળવવા માટે બધા જ ઉપાયો અજમાવી લીધા હશે, બજારમાં મળનારા તમામ કોસ્મેટિકનો ઉપયોગ પણ કરી લીધો હશે, પરંતુ સમસ્યા તો પાછી હતી ત્યાંની ત્યાં જ, તો હવે તમે આ નુસખો ટ્રાય કરી જુઓ. ૧૫થી ૧૮ મીઠા લીમડાનાં પાન અડધી વાટકી નારિયેળ તેલમાં ઉકાળી લો. પાન કાળાં ન થઈ જાય ત્યાં સુધી ઉકાળો. તેલ ઠંડું થઈ જાય એટલે તેને ગાળીને બોટલમાં ભરી લો. એક અઠવાડિયામાં માથામાં સ્કલ્પ પર બે વાર લગાવો. તેનાથી વાળ ખરતા બંધ થઈ જશે.

વાળનો ગ્રોથ વધારે

જો તમે કેમિકલ ફ્રી રીતે વાળનો ગ્રોથ વધારવા ઈચ્છતા હો તો લીલી મેથી, તાજાં આંબળાં અને મીઠા લીમડાને ક્રશ કરી લો. આ પેસ્ટ અડધો કલાક સુધી માથામાં લગાવ્યા પછી ધોઈ લો. વાળનો ગ્રોથ વધારવા માટે આ અસરકારક સાબિત થશે.

વાળની શાઈનિંગ વધારશે

દરેક સીઝનમાં વાળની શાઈનિંગ કાયમ રાખવા માટે મીઠા લીમડામાં ઈંડાંની જર્દી અને દહીં લગાવીને અડધો કલાક પછી શેમ્પૂ કરી લો. આ ત્રણેય વાળમાં શાઈન લોક કરીને ચમકદાર બનાવે છે.

# શું તમને પણ ખોટું લાગી ગયું?:આંટી, બહેનજી કે માતાજી સાંભળીને મહિલાઓને ગુસ્સો કેમ આવી જાય છે?




બિગ બોસ ૧૫ની વિનર તેજસ્વી પ્રકાશે બિગ બોસનું ટાઈટલ તો જીતી લીધું છે પણ તેની સાથી સ્પર્ધક એવી એક્ટ્રેસ શમિતા શેટ્ટીને રઆંટી કહેવાની વાત ફરીથી ગરમ થઈ છે. બિગ બોસમાં રઆંટી શબ્દ પર કોઈ પ્રથમ વખત બબાલ નથી થઈ. આની પહેલાંની સીઝનમાં પણ આ શબ્દથી ઝઘડા થયા છે. ખબર નહીં, આંટી શબ્દમાં એવું કયું કડવું સત્ય છુપાયેલું છે કે તે સામેવાળી વ્યક્તિને ગાળ જેવું લાગે છે. હવે પ્રશ્ન એ થાય છે કે, આખરે જેમ કોઈ મહિલા કે યુવતીને રઆંટી કહેવાથી ગુસ્સો આવે છે? આની પાછળનું કારણ શું છે?

દિલ્હીમાં ક્લિનિકલ સાઈકોલોજિસ્ટ ડૉ. પ્રજ્ઞા મલિકે કહ્યું કે, આંટી કે બહેનજી જેવા શબ્દોથી તે જ મહિલાને વધારે ગુસ્સો આવે છે જેઓ પોતાને બધા કરતાં સુંદર માને છે. લુક્સને લીધે તેમને લાગે છે કે તેઓ આંટીની ઉંમરનાં નથી, હજુ તો યંગ છે. બહેનજી અને આંટી શબ્દ ઉંમરલાયક મહિલાઓ માટે વાપરવામાં આવે છે.

ખરાબ બિહેવિયરને લીધે

જે લોકોનું બિહેવિયર ખરાબ હોય છે તેઓ પોતાની અછત છુપાવવા માટે લુક્સને ઉપર રાખે છે. તેવામાં જો કોઈ તેમને આંટી કહી દે તો તેનો કોન્ફિડન્સ ઓછો થઈ જાય છે. આંટી, માતાજી કે બહેનજી કહેવાથી મહિલાઓમાં ઈનસિક્યોરિટીના ઘણા ગુણ વધી જાય છે, પરંતુ આ ઈનસિક્યોરિટી બીજું કઈ નહી પણ સમાજની એક રૂટીન માન્યતા છે. અહીં એક ઉંમર પછી મહિલાનું સેક્સ્યુઅલ વેલ્યુ ઝીરો થઈ જાય છે. આ વેલ્યુ ઝીરો થતાં જ તેને આંટીજી અને બહેનજીનું ટેગ મળી જાય છે.

જજમેન્ટથી લાગે છે ડર

આ વ્યક્તિનો સ્વભાવ છે. તેને ડર હોય છે કે કોઈ તેને જજ કરશે. કોઈ પોતાની મરજીથી તેના માટે નિર્ણય સંભળાવી રહ્યું છે, લેબલ આપી રહ્યું છે. આથી જયારે પણ કોઈ આંટી કહે છે ત્યારે આપણે અસુરક્ષિત થઈને પોતાને બચાવવાના પ્રયત્નો કરીએ છીએ.

વેલ્યુ સિસ્ટમ પર અટેક

દરેક વ્યક્તિની પોતાની એક ખૂબી હોય છે જે તેની વેલ્યુ સિસ્ટમ બનાવે છે. જે લોકોના જીવનમાં તેનો બહારનો લુક અને ચહેરો જ વ્યક્તિત્વની ઓળખ છે. આથી તેને આવા શબ્દોથી દુ:ખ લાગે છે અને આ શબ્દ અટેક જેવો લાગે છે. તેમના આત્મવિશ્વાસને પણ ઠેસ પહોંચે છે.

પોતાની ફેવરિટ હોવાને લીધે વધુ મુશ્કેલી

ઘણા લોકો પોતાના ફેવરિટ હોય છે. તેઓ પોતાને વધારે પડતું મહત્ત્વ આપે છે. આંટીજી કે બહેનજી કહેવા પર તેમને પોતાનું મહત્ત્વ પૂરું થતું હોય તેવું લાગે છે.

દરેક ઉંમરની પોતાની સુંદરતા છે અને તે એન્જોય કરવી જોઈએ. કોઈ રઆંટી કે રકાકી કે રબા કહેશે તો તમારી સુંદરતા ઓછી નહી થાય. આથી ગુસ્સો કરવાને બદલે મગજ શાંત રાખો. આંટી કહેનારી વ્યક્તિને જવાબ આપવાની પણ કોઈ જરૂર નથી.



# મુંદરા તાલુકાના દેશલપર (કંઠી)નાં મહિલાનાં અંગદાને ત્રણ લોકોને નવું જીવન આપ્યું



ભુજ

મુંદરા તાલુકાના દેશલપર કંઠી ગામના ૫૫ વર્ષીય મહિલાએ અંગદાન કરી ત્રણ પરિવારનાં જીવનમાં નવો ઉજાશ પાથર્યો છે. કચ્છમાં વિતેલાં ત્રણ વર્ષમાં આ પાંચમું અંગદાન થતાં ધીરે ધીરે આ ક્ષેત્રે જાગૃતિ આવી રહીનું જોવા મળી રહ્યું છે. કે.કે. પટેલ મલ્ટિ સ્પેશિયાલિટી હોસ્પિટલથી ગ્રીન કોરીડોર રચી અંગદાન થયેલાં ત્રણ અંગને અમદાવાદ લઈ જવાયાં ત્યારે ઉપસ્થિત અગ્રણીઓ અને હોસ્પિટલના સ્ટાફે પુષ્પવર્ષા કરી હતી. દેશલપર કંઠીનાં હંસાબેન મગનભાઈ મહેશ્વરીને ૨૮મી એપ્રિલના બ્રેઈન સ્ટ્રોકનો હુમલો આવ્યો હતો તેમને સારવાર માટે ભુજની કે.કે. હોસ્પિટલમાં ખસેડાયાં હતાં. જો કે તેમની તબિયત સતત લથડતી જતી હોવા સાથે તબીબોએ તેમને બ્રેઈન ડેડ જાહેર કર્યાં હતાં. હંસાબેનના પુત્રો ભાવેશભાઈ અને મહેશભાઈની સંમતિથી તેમનું લિવર અને બે કિડની મળી ત્રણ અંગનું દાન કરવાનો નિર્ણય લેવાયો હતો. અંગદાન જાગૃતિના પ્રણેતા દિલીપભાઈ દેશમુખને આ માટેની જાણ કરાયા બાદ અમદાવાદથી ઈન્સ્ટિટ્યૂટ ઓફ કિડની ડિસિસ એન્ડ રિસર્ચ ઈન્ટ્યૂટના તબીબો ભુજ પહોંચ્યા હતા અને અંગદાન થયેલાં અંગોને અમદાવાદ લઈ જવા માટેની જરૂરી પ્રક્રિયા હાથ ધરી હતી. કે.કે. પટેલ હોસ્પિટલથી ગ્રીન કોરીડોર રચીને આ ત્રણ અંગને અમદાવાદ પહેંચતા કરી ત્રણ લોકોમાં આ અંગોનું પ્રત્યાપર્ણ કરવામાં આવ્યું હતું. ભુજ વિમાની મથકેથી વિશેષ વિમાન મારફતે આ અંગો મોકલવામાં આવ્યાં હતાં. અંગદાન ચેરિટેબલ ટ્રસ્ટના પ્રમુખ દિલીપભાઈ દેશમુખે કહ્યું કે, છેલ્લાં ત્રણ વર્ષમાં કચ્છમાં આ પાંચમું અંગદાન થયું છે. યોગાનુયોગ એ છે કે, કે.કે. પટેલમાં જે ત્રણ અંગદાન થયાં છે એ ત્રણેય મહિલા છે. પરિવારના ભાવેશભાઈએ કહ્યું કે, તેમના માતાને જ્યારે તબીબોએ બ્રેઈન ડેડ જાહેર કર્યા, ત્યારે તેમનાં અંગોથી અન્ય લોકોને નવું જીવન મળે એવા આશયથી અમે અંગદાન કરવાનો નિર્ણય લીધો હતો. કલેક્ટર આનંદ પટેલ પણ અંગદાન કરનારાં મહિલાના પરિવારજનોને મળ્યા હતા. આ સમયે કચ્છી લેવા પટેલ મેડિકલ અને એજ્યુકેશન ટ્રસ્ટના કેશરાભાઈ પિંડોરિયા, ભાણજીભાઈ મહેશ્વરી, જિલ્લા પંચાયતના પૂર્વ કારોબારી ચેરમેન મહેન્દ્ર ગઢવી, કે.કે. પટેલ હીસ્પટલના સીઈઓ મેહુલભાઈ, રમેશભાઈ કારા, તાપસભાઈ શાહ, નિલય ત્રિવેદી, ધૈર્યાબેન શાહ, ઓમકાર વ્યાસ, વય લાલાન સહિત હાજર રહ્યા હતા. પોલીસ તંત્ર અને એરપોર્ટ ઓથોરિટીનો સહયોગ મળ્યો હતો.


## ભુજ નગરપાલિકા

ઓનલાઈન ટેન્ડર નિવિદા (બીજો પ્રયત્ન)

આથી ભુજ નગરપાલિકા દ્વારા સ્વચ્છ ભારત મિશન ૧.૦ અંતર્ગત લીગેસી વેસ્ટ રેમીડીએશન નિકાલના કામ માટે ઓનલાઈન ટેન્ડર http://www.tender.nprocure.com/ ઉપર પબ્લીશ કરવામાં આવેલ છે. ઓનલાઈન ટેન્ડર ભરવાની તા. ૧૫/૦૫/૨૦૨૫ થી ૦૨/૦૫/૨૦૨૫ ના સાંજે ૧૮:૦૦ કલાક સુધી રહેશે તથા ફિઝીકલ ડોક્યુમેન્ટ RPAD/SPEEDPOST થી ભુજ નગરપાલિકામાં રજૂ કરવાની અંતિમ તારીખ ૧૧/૦૬/૨૦૨૫ ના સાંજે ૧૮:૦૦ કલાક સુધી રહેશે. ઓનલાઈન ડોક્યુમેન્ટ રજૂ કરનારે ઈજારદાર જે પાત્રતાની આધીન રહેશે. રસ ધરાવતી પાર્ટીઓએ ઉક્ત વેબસાઈટ પર બાકીની માહિતી મેળવી ટેન્ડર ભરવા. ભૌતિક ટેન્ડર સ્વીકારવામાં આવશે નહીં.

ભુનપા/SBM/૨૦૨૫ — મુખ્ય અધિકારી (ઈ.ચા.)
તા.૧૫/૦૫/૨૦૨૫ — ભુજ નગરપાલિકા

(નામાનિ/કચ્છ/૨૦૦/૨૦૨૫-૨૦૨૬)


# સવારનું શાક રાત્રે જ સમારી લો છો?:વિટામિન ઊડી જશે અને રૂપિયા ખર્ચીને પણ શરીરને કોઈ પોષકતત્ત્વ નહી મળે, પ્રી-કટ ફૂડ ખરીદતી વખતે આટલું ધ્યાન રાખો




પોતાની સુવિધા માટે અને સમયની અછતને લીધે ઘણી મહિલાઓ રાત્રે જ શાકભાજી સમારીને ફ્રિજમાં મૂકી દે છે. ઘણીવાર માર્કેટમાંથી જ સમારેલું શાકભાજી લાવે છે અને બીજે દિવસે બનાવે છે, પરંતુ શું તમને ખબર છે કે આનાથી શાકભાજીમાં હાજર પોષકતત્ત્વો નષ્ટ પામે છે. આ વિશે જણાવી રહી છે પારસ હોસ્પિટલની ડાયટિશિયન નેહા પઠાનિયા:

ક્યાં પોષકતત્ત્વો નષ્ટ પામે છે?

સવારે મહિલાઓને કામની ઉતાવળ હોય છે. એવામાં રાત્રે શાકભાજી સમારીને રાખવાથી સવારે ભાગદોડ થઈ જાય છે, પરંતુ આ જ કારણે શાકભાજીમાં શુગર બ્રેકડાઉન થાય છે અને તે કાર્બન ડાયોક્સાઈડ રિલીઝ કરે છે. આ કારણે શાકભાજી ખરાબ થાય છે, ઘણીવાર ઉપરથી જોતાં એ ખબર પડતી નથી.

તાજા શાકભાજીની સરખામણીએ પહેલેથી સમારેલી શાકભાજી રાંધવામાં સ્વાદમાં ફેર આવે છે.

સમારેલાં ફળ અને શાકભાજીમાં હાજર વિટામિન સી સૌથી વધારે નુકસાન પહોંચાડે છે. આ ઉપરાંત તેમાં હાજર વિટામિન અ અને વિટામિન ઊ પણ વેસ્ટ જાય છે.

વિટામિન નષ્ટ થવાથી એન્ટી-ઓક્સિડન્ટનો ફાયદો મળતો નથી. શાકભાજી અને ફળની છાલમાં હાજર એન્ટી-ઓક્સિડન્ટની રક્ષા કરે છે. સમારીને ખાવાથી એનો અંદરનો ભાગ હવાનાં સંપર્કમાં આવે છે અને એનાથી વિટામિનમાં એન્ટી-ઓક્સિડન્ટના સ્તરમાં ઘટાડો આવે છે.

બ્રોકલી, પાલક, ટામેટું અને બીટમાં ભરપૂર પ્રમાણમાં એન્ટી-ઓક્સિડન્ટ હોય છે. એને કાપીને તરત જ ખાશો તો સ્વાસ્થ્ય પર સારી અસર પડશે. ફળમાં સંતરા, સ્ટ્રોબેરી અને કાળી દ્રાક્ષ પણ એન્ટી-ઓક્સિડન્ટથી ભરપૂર હોય છે. આથી પહેલેથી સમારીને મૂકવાને બદલે ભોજન વખતે જ સમારો.

સમારેલી શાકભાજી અને ફળ ધોવાથી પણ વિટામિન સી નષ્ટ થાય છે.

પ્રી-કટ ફૂડ ખરીદતી વખતે આટલું ધ્યાન રાખવું જરૂરી

જયારે બનાવાનું હોય ત્યારે જ ખરીદીને લાઓ, તરત બનાવવાથી તેના દરેક ન્યૂટ્રિયન્ટસનો લાભ ઉઠાવી શકાય છે.

ફળ અને શાકભાજી સમારીને પ્લાસ્ટિકના ડબ્બામાં સ્ટોર કરવાથી શરીરને નુકસાન થાય છે.

ફળ ખાઓ, કેપ્સ્યૂલ નહી

એક સ્ટડી પ્રમાણે વિટામિન અ, ઈ અને ઊની અછતને લીધે એન્ઝાયટી ડિસઓર્ડર થઈ શકે છે. છ અઠવાડિયાં સુધી ડાયટમાં એન્ટી-ઓક્સિડન્ટથી ભરપૂર ફૂડનું પ્રમાણ વધારવા પર ડિપ્રેશનના લક્ષણોમાં અછત દેખાઈ.

અમેરિકામાં ૨૦૧૫-૨૦૨૦ની ડાયટરી ગાઈડલાઈન્સ પ્રમાણે એક યંગ વ્યક્તિએ તેના ભોજનમાં બે કપ ફળ અને ૨.૫ કપ શાકભાજી સામેલ કરવા જોઈએ. એનાથી ભરપૂર એન્ટી-ઓક્સિડન્ટ મળશે.

ડાયટરી સ્પ્લિમેન્ટની સરખામણીએ ફળમાં રહેલાં પોષકતત્ત્વોથી શરીરને વધારે ફાયદો થાય છે.

## ગોલ્ડન અવરના ફાયદા

# જન્મ લીધાના ૧ કલાકની અંદર નવજાતને સ્તનપાન કરાવવું જરૂરી, બાળકમાં ડાયાબિટીસ અને અસ્થમાનું જોખમ ઓછું કરે છે

જન્મના ૧ કલાકની અંદર સ્તનપાન કરાવાથી બાળકમાં એન્ટિબોડી ડેવલપ થાય છે

બાળકને જન્મ આપ્યા પછી મહિલાનો સમય વધારે મુશ્કેલીભર્યો થઈ જાય છે. અનેકો સમસ્યા અને દુખાવા સાથે બાળકને જન્મ આપ્યા બાદ માતા બાળકને જન્મ આપે છે. ડિલિવરી પછી માતાને એ જ ચિંતા રહે છે કે તેનું બાળક સ્વસ્થ અને નિરોગી રહે. તેની ઈમ્યુનિટી સ્ટ્રોન્ગ રહે. તેથી જરૂરી છે કે માતા ફર્સ્ટ ગોલ્ડન અવર વિશે જાણી લે. ફર્સ્ટ ગોલ્ડન અવર કોને કહેવાય છે અને તેના કયા ફાયદા છે ગાયનેકોલોજિસ્ટ ડૉ. સૃષ્ટિ અગ્રવાલ પાસેથી જાણો....

ફર્સ્ટ ગોલ્ડન અવર

બાળકનાં જન્મ થયા પછીના ૧ કલાકને 'ફર્સ્ટ ગોલ્ડન અવર' કહેવાય છે. આ ૧ કલાકમાં માતા તેનાં બાળકને પ્રથમ સ્તનપાન કરાવે તે જરૂરી છે. આ દરમિયાન સ્તનપાન કરાવાથી બાળક ઘણી સમસ્યાથી બચી શકે છે. પ્રી મેચ્યોર બાળક માટે પ્રથમ કલાકની અંદર બ્રેસ્ટ ફીડિંગ કરાવવું જરૂરી બને છે.

ગોલ્ડન અવરમાં સ્તનપાન બાળક માટે કેટલું લાભદાયી?

બાળકને જન્મ આપ્યાના પ્રથમ ૧ કલાકમાં માતાના ઘટ્ટ દૂધમાં કોલોસ્ટ્રમ હોય છે. તે બાળકમાં એન્ટિબોડી ડેવલપ કરે છે. તેનાથી બાળકને અનેક બીમારીઓથી રક્ષણ મળે છે. ગોલ્ડન અવરમાં દૂધ પીવડાવાથી બાળકને કાનમાં ઈન્ફેક્શન, અસ્થમા અને ડાયાબિટીસનું ઓછું જોખમ રહે છે. જન્મ બાદ અચાનક આજુબાજુ અવાજ અને પ્રકાશ જોઈ બાળક ગભરાઈ જાય છે તેવામાં સ્તનપાન કરાવાથી માતા સાથે સ્કિન ટુ સ્કિન કોન્ટેક્ટથી બાળક સુરક્ષિત મહેસૂસ કરે છે.

માતાને શું ફાયદો થાય છે?

માતાનું પ્રથમ દૂધ બાળકને શારીરિક સમસ્યાથી બચાવે છે તો તેનાથી માતાનાં સ્વાસ્થ્યને પણ લાભ થાય છે. ડૉ. અગ્રવાલના જણાવ્યા પ્રમાણે, ગોલ્ડન અવરમાં દૂધ પીવડાવાથી હોર્મોન રિલીઝ થવાથી યુટ્રસ કોન્ટ્રેક્શન ઓછું થાય છે. તેને કારણે માતાના શરીરમાંથી બ્લીડિંગ થતું ઓછું થાય છે. માતાની કોલેસ્ટેરોલની સમસ્યા પણ ઓછી થાય છે. આટલું જ નહિ ડાયાબિટીસ અને બ્રેસ્ટ કેન્સરની આશંકા પણ ઘટે છે.

# ભુજના વોર્ડ નં. ૧, ૨, ૭, ૮, ૧૧ના વિવિધ વિસ્તારમાં પાણી ભરાવાની સમસ્યા અને ઉપાયો અંગે ચર્ચા

ભુજ
આગામી ચોમાસાંને ધ્યાને લઇ ભુજમાં પાણી ભરાવાની સ્થિતિ ન સર્જાય તેના ઉપાય માટે ધારાસભ્યની અધ્યક્ષતામાં સુધરાઈની બેઠક મળી હતી. ભુજ મામલતદાર કચેરી ખાતે આજે યોજાયેલી બેઠકમાં ખાસ કરીને વોર્ડ નં. ૧, ૨, ૭, ૮, ૧૧ના વિવિધ વિસ્તારમાં પાણી ભરાવાની સમસ્યા અને તેના ઉપાયો અંગે ચર્ચા કરાઇ હતી. વોર્ડ નં. ૧૧માં બી.એસ.એફ. દ્વારા વરસાદી વહેણમાં ગટરનાં પાણી છોડાતાં પાણી હમીરસર સુધી પહોંચતું હોવાથી આ બાબતે આગામી દિવસોમાં ધારાસભ્ય કેશુભાઇ પટેલ દ્વારા કલેક્ટરની ઉપસ્થિતિમાં બી.એસ.એફ.ના વડા સાથે બેઠક યોજી ગટરનાં પાણી વહેણમાં ન છોડવા સહિતની બાબતે ચર્ચા કરવા નક્કી કરાયું હતું. આ ઉપરાંત યુનિવર્સિટીની દીવાલને પગલે પાણી અવરોધાતાં દર વર્ષે આ દીવાલ તોડવી પડે છે. જો આ દીવાલને બદલે બોક્ષ કલ્વર્ટ બનાવાય તો દીવાલ તોડવાની જરૂરત ન પડે તેવો સૂર બેઠકમાં વ્યક્ત થયો હતો. વોર્ડ નં. ૮માં ત્રિમૂર્તિ મંદિરની પાછળના ભાગે આવેલી સોસાયટીઓમાં પાણીના નિકાલની વ્યવસ્થા કરવા માંગ કરાતાં આગામી દિવસોમાં રિચાર્જ બોર બનાવવો જેથી તેના પાણી ફરી ઉપયોગમાં લઇ શકાય તેવો નિર્ણય લેવાયો હતો. આ ઉપરાંત મંદિર સામે તળાવડીમાં પણ વરસાદી તેમજ ગટરનાં પાણીના ભરાવાથી અને નિકાલ ન હોવાથી લોકોને રહેવું મુશ્કેલ બની જતું હોવાની ફરિયાદને પગલે એ અંગે પણ આયોજન ઘડવા નક્કી કરાયું હતું. વોર્ડ નં. ૭માં ખાસ કરીને સંસ્કારનગર, મંગલમ આસપાસના વિસ્તારોમાં ભરાતાં પાણીની સમસ્યા હલ કરવા અશ્વમેઘ પાસે સ્ટ્રોમ વોટર ડ્રેનેજ લાઈનનું કામ ચાલી રહ્યું છે જેને વિસ્તારના રહેવાસી જયદીપસિંહ જાડેજા, વિશાલ માહેશ્વરી અને રામદેવસિંહ જાડેજાએ બિરદાવી આ કામથી પાણી ભરાવાની સમસ્યા મહદઅંશે હલ થઇ જશે તેવી આશા વ્યક્ત કરી હતી. ઉપરાંત સ્ટ્રોમ વોટર ડ્રેનેજ લાઇન પડદાભિટ્ટ હનુમાનજી મંદિરથી રિંગરોડ સુધી લંબાવાય તો મોટાભાગની કોલોનીઓમાં ભરાતાં પાણીની સમસ્યા હલ થઇ જાય તેવી વાતને પગલે આગામી દિવસોમાં ગ્રાંટ હેઠળ આ કામ આવરી લેવા આયોજનનું નક્કી કરાયું હતું. વિવિધ વિસ્તારોમાં પાણી ભરાવાની સમસ્યાનું મુખ્ય કારણ વરસાદી વહેણ પર કરાયેલા દબાણો હોવાથી ધારાસભ્ય કેશુભાઇ પટેલ, પ્રાંત અધિકારી અને સુધરાઇના મુખ્ય અધિકારી અનિલ જાધવે આગામી ૧૫ દિવસમાં ભુજ શહેરના તમામ વરસાદી વહેણ પરથી દબાણો દૂર કરાશે તેવી ખાતરી આપી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે, ભુજ સુધરાઇ દ્વારા શહેરમાં ૮૦ જેટલાં નાળાં સફાઇનું આયોજન હાથ ધરાયું છે. આ વર્ષે વોર્ડના નગરસેવકોની સાથોસાથ રહેવાસીઓનો પણ નાળાં સફાઇ માટે મત લેવાયો હોવાની માહિતી પ્રાપ્ત થઇ હતી. સુધરાઇ દ્વારા નાળાં સફાઇનું ટેન્ડર બહાર પડાયું હતું અને સંભવતઃ આજે કોન્ટ્રાક્ટ આપી દેવાશે તેવી માહિતી પ્રાપ્ત થઇ હતી. બેઠકમાં સુધરાઇના પ્રમુખ રશ્મિબેન સોલંકી, ઉ.પ્ર. ઘનશ્યામ ઠક્કર, કારોબારી ચેરમેન મહિદીપસિંહ જાડેજા, શાસક પક્ષના નેતા કમલ ગઢવી, દંડક રાજેશ ગોર તેમજ તમામ નગરસેવકો, અલગ-અલગ સોસાયટીના હોદ્દેદારો, સુધરાઇના ઇજનેર, શાખાના જવાબદારો ચર્ચામાં જોડાયા હતા.



## ધારાસભ્યની અધ્યક્ષતામાં સુધરાઈની બેઠક મળી

# ગાંધીધામના પ્રૌઢ સાથે ત્રણ શખ્સોએ ૩૯.૯૦ લાખની ઓનલાઈન ઠગાઈ આચરી

(ક્રાઈમ રીપોર્ટર) ભુજ
ગાંધીધામના પ્રૌઢ સાથે ત્રણ શખ્સોએ અલગ અલગ કેસમાં શેરમાર્કેટમાં રોકાણ કરવાના નામે કુલ ૩૯.૯૦ લાખની ઓનલાઈન ઠગાઈ આચરી હોવાનું સામે આવ્યું હતું.

ગાંધીધામના સાયબર ક્રાઈમ પોલીસ મથકે સંદીપ સંજયકુમાર મુખરજીએ સિટાડેલ એપમાં ઈન્વેસ્ટ કરાવનાર રાશી ગુપ્તા, શ્યામ રંજન અને મિની નાયર સામે આઈટી એક્ટની કલમો તળે ફરિયાદ નોંધાવતા જણાવ્યું કે ગુગલ સર્ચ એન્જીન પર ઓનલાઈન ટ્રેડીંગ વીશે જાણવા માટે ઓનલાઈન ટ્રેડીંગ એજન્સીજ સર્ચ કર્યા બાદ તેમને અજાણ્યા નંબરમાંથી આરોપી રાશી ગુપ્તા નામની મહિલાનો ફોન આવ્યો હતો. જેમણે સિટાડેલ ટ્રેડીંગ કંપની ઓનલાઈન ટ્રેડીંગ નેશનલ તથા બોમ્બે સ્ટોક એક્સચેજમાં ઈન્વેસ્ટ કરાવે છે, તેમ જણાવીને વિશ્વાસમાં લઈ તેમની ઈમેઈલ આડીમાંથી ડોમીન લીંક મોકલી એપ્લિકેશન ડાઉન કરાવી હતી.

**બોમ્બે સ્ટોક એક્સચેજમાં ઈન્વેસ્ટ કરાવે છે, તેમ જણાવીને વિશ્વાસમાં લઈ તેમની ઈમેઈલ આડીમાંથી ડોમીન લીંક મોકલી એપ્લિકેશન ડાઉન કરાવી**

ત્યારબાદ ફરિયાદીના ઈન્ડીયન ઓવરસીઝ બેંકના એકાઉન્ટમાંથી અલગ અલગ તારીખોમાં કુલ ૨૨,૨૯,૦૦૦ ભરાવી જે પૈકી શરૂઆતમાં એપ માંથી ૩૬,૨૦૦ પરત વીડ્રોલ આપી બાકી રકમ વીડ્રોલ આપી નહતી. ત્યારબાદ તા.૨/૧૨/૨૦૨૪ના અજાણ્યા નંબરની આરોપી મીરા નાયર નામક સ્ત્રીનો ફોન આવ્યો હતો. જેણે એંજલ વનના ઓનલાઈન ટ્રેડીંગ સભ્યપદ માટે ફરિયાદીને ફોન કરીને એન્જલવનનું ઓરીજનલ લોગો લગાડેલા પત્રો વોટ્સઅપથી મોકલી ફરિયાદીને વિશ્વાસમાં લઈને એકાઉન્ટ ખોલાવવાની પ્રક્રીયા કરાવી હતી.

જેમાં શેરમાર્કેટ રોકાણ અંગે ઓછા ભાવે શેર ખરીદી કરવા લોભામણી વાતો કરી શેર બજારના નામે સારા પ્રોફીટની લાલચ આપી રોકાણ કરવા અલગ અલગ એકાઉન્ટ નંબરો વોટ્સએપ પર મોકલ્યા હતા. જેના પર પોતાના બેંક ખાતાઓમાંથી ફરિયાદીએ ૮,૧૬,૭૩૨ રકમ ઈન્વેસ્ટ કરી હતી. તો સાહેદ સંદીપકુમાર યાદવે ૯,૮૧,૦૭૭ રકમ ઈન્વેસ્ટ કરી વેબસાઈટ વોલેટને માઈનસમાં કરી વધુ ૧૬ લાખ ભરવા જણાવીને ભરેલી રકમ પરત કે વીડ્રોલ આપી નહતી. જેથી આરોપીઓએ ફરિયાદીની બેંકમાંથી કુલ ૩૯,૯૦,૬૦૯ પરત ન આપીને છેતરપીંડી આચરી હતી.

## મિત્રતાના નાતે હાથ ઉછીના રોકડા આપેલ

# નાણાં ચૂકવણી માટે આપેલા ચેકો બાઉન્સ થતાં આરોપીને એક વર્ષની કેદની સજા અને વળતર તરીકે રૂપિયા ૩૫,૦૦,૦૦૦/- ચૂકવવાનો હુકમ કરતી નવસારી કોર્ટ

: આ કેસની ટૂંકી હકીકત જોતા ફરિયાદી મનીષ રમેશચંદ્ર પટેલ કોન્ટ્રાકટર તેમજ બાંધકામને લગતો ધંધો કરતા આવેલા તે સમયે આરોપીને રોકાણ કરવા માટે નાણાંની જરૂર પડતા આરોપી અ મરભાઈ રાજેશભાઈ ઠકકરે ફરિયાદી પાસેથી ટુકડે ટુકડે કુલ્લે રૂપિયા ૭૦,૦૦,૦૦૦/- પુરાની માંગણી કરેલ જેમાંથી રૂપિયા ૧૫,૦૦,૦૦૦/- પુરા ચૂકવી દીધેલ અને બાકીના રૂપિયા ૫૫,૦૦,૦૦૦/- અંકે રૂપિયા પંચાવન લાખ જે લેણાં પેટે બાકી નીકળતા હતા તેની માંગણી કરતા વર્ષ ૨૦૨૨ માં પાંચ પ્રોમિસરી નોટો લખી આપેલ અને રૂપિયા ૩૫,૦૦,૦૦૦/- અંકે રૂપિયા પાંત્રીસ લાખ પુરાના ચેકો આપેલ જે ચેકો બાઉન્સ થતા ફરિયાદી તરફે સિનિયર એડવોકેટ પ્રતાપસિંહ કે. મહિડા, એડવોકેટ ભૂમિરાજસિંહ પી. મહિડા, એડવોકેટ વરુણ દવે, એડવોકેટ મોહિની એમ. પાંચાલ દ્વારા નવસારીની કોર્ટમાં ફરિયાદ દાખલ કરેલ આ કામે પુરાવો લેવાઈ જતાં એડવોકેટ પ્રતાપસિંહ કે મહિડાની ખાનગી ફરિયાદમાં તર્કબદ્ધ બુદ્ધિગમ્ય વલણના આધારે આરોપી પક્ષને બચ ાવ કરવાની પૂરેપૂરી તક આપવામાં આવેલ હોવા છતાં પણ આરોપી દ્વારા ચેકો ફરિયાદીને ક્યારે આપેલો તેવો કોઈ પુરાવો રજૂ કરેલ ન હતો તથા આપેલ પ્રોમિસરી નોટોમાં તથા ચેકોમાં પણ તેઓની સહી ન હોય તેવી કોઈ તકરાર લેવામાં આવેલ ન હતી તથા તકરારી ચેકોમાં આરોપીની સહી નથી તેઓ બચાવ આરોપી પક્ષ પુરવાર કરેલ ન હોય. આમ, આર ોપીએ કાયદેસર લેણાંનો સ્વીકાર કરેલ અને તકરારી ચેકો તેમજ આપેલ પ્રોમિસરી નોટો ઉપરની સહી પણ સ્વીકારેલી જેથી આરોપીને નવસારીના નામદાર જયુડિ.મેજી. ફર્સ્ટ ક્લાસ સાહેબશ્રી મોહિત આર. ત્રિવેદી દ્વારા એક વર્ષની સજાનો અને રૂપિયા ૩૫,૦૦,૦૦૦/- વળતર તરીકે ચૂકવવાનો હુકમ ફરમાવવામાં આવેલ.

# કીડાણામાં બીમારીના કારણોસર મહિલાએ આપઘાત કર્યો

ગાંધીધામ : પૂર્વ કચ્છમાં બે મહિલાઓએ આપઘાત કર્યો હતો. આ બાબતે ગાંધીધામ બી ડિવિઝન પોલીસમાંથી મળતી વિગતો મુજબ કિડાણાની જગદંબા સોસાયટીમાં રહેતા ૫૫ વર્ષિય ઈન્દુબેન નારાણભાઈ મહેશ્વરીએ બીમારીના કારણોસર પોતાના ઘરે પાઈપમાં દુપટો બાંધી જીવાદોરી ટુંકાવી હતી. બનાવને પગલે અરેરાટી ફેલાઈ જવા પામી હતી. તો ભચાઉ તાલુકાના વરસાણા નંદગામ ખાતે આવેલ પ્લાયવુડ કંપનીમાં કામ કરતા ૨૩ વર્ષિય રૂકાયાબીબી ફીરોઝભાઈ મંડલે કોઈ અગમ્ય કારણોસર દુપટા વડે ફાંસો ખાઈ જીવાદોરી ટુંકાવતા પરપ્રાંતિય પરિવારમાં શોક ફેલાઈ જવા પામ્યો હતો. ભચાઉ પોલીસે એડી દાખલ કરી છે.

**નંદગામની કંપનીમાં પરપ્રાંતિય મહિલાએ જીવાદોરી ટુંકાવી**

24X7 ન્યુઝ જી.સી.પી. ગાંધીધામ ક્રાઈમ પેટ્રોલ ન્યુઝ

# અંજારમાં વ્યાજખોરીમાં કડક કાર્યવાહી, ૨.૪૩ કરોડની સંપત્તિ જપ્ત

(ક્રાઈમ રીપોર્ટર) ભુજ
અંજારમાં વ્યાજખોરીનું દૂષણ ડામવા વ્યાજખોર ટોળકી એવી બે બહેન અને એક ભાઈ વિરુદ્ધ ગુજસીટોકની કલમો તળે પોલીસે કાર્યવાહી કરી હતી. આ ત્રણેયની રૂા. ૪૧,૭૦,૦૭૨ના ત્રણ પ્લોટ અને એક કાર ટાંચમાં લીધા હતા. પોલીસની આવી કાર્યવાહીથી આવા તત્ત્વોમાં રીતસર ફફડાટ પ્રસરી ગયો છે. અંજારમાં રહેનાર રિયા ઈશ્વરગર ગોસ્વામી વિરુદ્ધ અંજાર, આદિપુર પોલીસ મથકોએ નાણાં ધિરધાર સહિતની કલમો તળે ૮ ગુના નોંધાયેલા છે તેમજ આરતી ઈશ્વરગર ગોસ્વામી સામે આદિપુર અને અંજારમાં જુદા-જુદા ચાર ગુના દાખલ થયેલા છે અને તેમના ભાઈ એવા તેજસ ઈશ્વરગર ગોસ્વામી સામે પણ અંજારમાં નાણાં ધિરધાર સહિતની કલમો તળે ચાર ગુના પોલીસ ચોપડે ચડેલા છે. વ્યાજખોર આ ટોળકી વિરુદ્ધ અગાઉ પોલીસે ગુજસીટોકની કલમો તળે કાર્યવાહી કરી હતી. જે પ્રકરણમાં બહાર આવ્યા બાદ પોલીસે ત્રણેય વિરુદ્ધ પાસાની કલમો તળે કામગીરી કરી જુદી-જુદી જેલમાં ધકેલી દીધા હતા. દરમ્યાન વ્યાજખોર શખ્સો સામે કડક કાર્યવાહી અને વ્યાજખોરીમાં એકત્રિત કરેલ મિલકતોને ટાંચમાં લેવા રાજયના પોલીસવડાના આદેશ થયા હતા. પૂર્વ કચ્છ પોલીસ અધીક્ષક સાગર બાગમારના માર્ગદર્શન હેઠળ આવા શખ્સોના ભૂતકાળના રેકર્ડ તપાસવામાં આવ્યા હતા અને ઓર્ગેનાઈઝ્ડ ક્રાઈમ સિન્ડિકેટ મુજબ કૃત્ય કરતા શખ્સો વિરુદ્ધ કડક કાર્યવાહીના આદેશ કરાયા હતા. તેવામાં પોલીસે અંજારની આ વ્યાજખોર ટોળકી વિરુદ્ધ કાર્યવાહી કરી હતી. ગુજસીટોકની કલમો હેઠળ આ ટોળકીની મિલકત ટાંચમાં લેવા પોલીસે રાજયના ગૃહવિભાગમાં દરખાસ્ત કરી હતી, ત્યાંથી લીલીઝંડી મળતાં પોલીસે કાર્યવાહી હાથ ધરી હતી. રિયા ગોસ્વામીના નામે આવેલ મેઘપર બોરીચીમાં પ્લોટ નંબર ૭/૩૯, સ્કોર્પિયો કાર નંબર જીજે-૧૨-ઈઈ-૨૧૨૨ તથા આરતીના નામે અંજાર દેવનગરમાં આવેલ પ્લોટ નંબર ૭૪, તેમના માતાના નામે વસાવેલ મેઘપર બોરીચી આશાપુરા નગરમાં પ્લોટ નંબર-૬૨ એમ કુલ રૂા. ૪૧,૭૦,૦૭૨ની કુલ મિલકતને જપ્ત કરી ટાંચમાં લેવામાં આવી હતી. આ કાર્યવાહીમાં અંજાર ડીવાય.એસ.પી. મુકેશ ચૌધરી, અંજાર પી.આઈ. એ.આર. ગોહિલ તથા સ્ટાફ જોડાયો હતો. પોલીસની મિલકત ટાંચમાં લેવાની આવી કાર્યવાહીથી આવા તત્ત્વોમાં સોપો પડી ગયો હતો.



# અંતરજાળમાં ઘરનું તાળું ખોલી રોકડા ૨૫ લાખની ચોરી થતા ચકચાર

## મીઠીરોહરની કંપનીમાંથી ૧.૪૪ લાખની લોખંડની પ્લેટો તફડાવી જવાઈ

ગાંધીધામ : તાલુકાના અંતરજાળમાં આવેલી સુદામાપુરી સોસાયટીમાં એક બંધ મકાનનાં તાળાં ખોલી અંદર ઘૂસેલા શખ્સોએ મકાનમાંથી રોકડ રૂા. ૨૫ લાખની ચોરી કરીને નાસી ગયા હતા. બીજી બાજુ મીઠીરોહર જી.આઈ.ડી.સી. માં એક કંપનીમાંથી રૂા. ૧,૪૪,૦૦૦ની પ્લેટની નિશાચરોએ ચોરી કરી હતી. આ બાબતે આદીપુર પોલીસમાંથી મળતી વિગતો મુજબ અંતરજાળની સુદામાપુરી સોસાયટી મકાન નંબર ૧૪માં ધોળા દિવસે બપોરથી સાંજના અરસામાં ચોરીનો આ બનાવ બન્યો હતો. મકાનમાં રહેનાર ફરિયાદી ગંગેશ્વર કરુણાશંકર પંડયા આદિપુર બારવાળીમાં ૫ ાતાળિયા પૂજા ભંડાર નામની પૂજાની સામગ્રીની દુકાન ચલાવે છે. ફરિયાદીએ અગાઉ કિડાણા સીમમાં આવેલી પોતાની જમીન વેચતાં રૂા. ૪૦ લાખ મળ્યા હતા, જેમાંથી મોટા દીકરા સાગરના લગ્ન કરાવાયા અને અન્ય ૨૫ લાખ ઘરમાં રાખ્યા હતા. પુત્રવધૂને પિયરમાં જવાનું હોવાથી ફરિયાદી તથા તેમના પત્નિ, પુત્રવધૂ અને નાનો પુત્ર વિવેક આદિપ ુર બસ સ્ટેન્ડે આવ્યા હતા, જ્યાંથી ફરિયાદી આધેડના પત્નિ અને પુત્રવધૂ બસમાં બેસીને માધાપર ગયા હતા. જ્યારે ફરિયાદી અને તેમનો નાનો પુત્ર ઘરે ગયા હતા. બાદમાં વિવેક દુકાને ગયો હતો. પાછળથી ફરિયાદી ઘરને તાળાં મારી દુકાને ગયા હતા. માધાપરથી તેમના પત્નિ પરત આવતાં સમીસાંજે ગંગેશ્વર પંડયા તેમને લેવા બસ સ્ટેન્ડે જઈ ત્યાંથી બંને પોતાના ઘરે ગયા હતા, જ્યાં ઘરનું તાળું ખુલ્લું અને દરવાજો ખુલ્લો જણાયો હતો. અંદર તમામ સરસામાન બરાબર હતો, પરંતુ પેટીપલંગમાં રાખેલ બ્લૂ રંગની થેલી જેમાં રોકડ રૂા. ૨૫ લાખ હતા તે ગુમ જણાઈ હતી. લાખોની ચોરી થતાં તેમને માથે હાથ દેવાનો વારો આવ્યો હતો. પોલીસ મથકે નોંધાયેલ ફરિયાદમાં જણાવ્યા મુજબ ૧૦-૧૨ દિવસ પહેલાં તાળાંની અન્ય એક ચાવી ગુમ થઈ હતી, જેને શોધવા છતાં મળી નહોતી. દરમ્યાન ગઈકાલે બપોરે ધોળા દિવસે કોઈ જાણભેદુએ ચાવી વડે તાળું ખોલી રૂા. ૨૫ લાખની તફડંચી કરી હતી. બનાવ અંગે પોલીસે ફરિયાદ નોંધી આગળની તપાસ હાથ ધરી છે. બીજી બાજુ મીઠીરોહર જી.આઈ.ડી.સી.માં આવેલી કિરણ ગ્લોબલ કેમ્સ લિમિટેડ નામની કંપનીમાં ચોરીનો બનાવ બન્યો હતો. આ કંપનીના શટર ઊંચા કરી નિશાચરોએ તેમાંથી ૧૨૦ કિલોની એક એવી ૪૦ પ્લેટ જેનું ૪૮૦૦ કિલો વજન કિંમત રૂા. ૧,૪૪,૦૦૦ની તફડંચી કરી હતી. કંપનીમાં લાગેલા સી.સી. ટી.વી.ના ફૂટેજ તપાસ કરાતાં તા. ૬/૫ના રાત્રે ૧૨.૪૦થી ૩ વાગ્યા દરમ્યાન આ ચોરી થઈ હોવાનું બહાર આવ્યું હતું. બનાવ અંગે કંપનીની મેનેજર રણજિતસિંહ જગતસિંહ રાઠોડે બી ડીવીઝન પોલીસમાં ફરિયાદ નોંધાવતા પોલીસે તપાસ હાથ ધરી છે.

# અદાણી ગ્રૂપે ઓસ્ટ્રેલિયાના NQXT ટર્મિનલને APSEZ સાથે કેમ મર્જ કર્યું?

## એશિયા-પેસિફિક સહિત ભારતીય વેપાર કોરિડોરમાં વૃદ્ધિની પ્રબળ સંભાવના

મુંદરા તા. ૧૩

અદાણી પોર્ટ્સ અને સ્પેશિયલ ઈકોનોમિક ઝોન (APSEZ) એ ઓસ્ટ્રેલિયામાં નોર્થ ક્વીન્સલેન્ડ એક્સપોર્ટ ટર્મિનલ (NQXT) ના સંપાદન સાથે વૈશ્વિકસ્તરે દેશને વધુ મજબૂત બનાવવા નિર્ણાયક પગલું ભર્યું છે. આ સંપાદન મહત્વપૂર્ણ ભારતીય વેપાર કોરિડોર સાથે વ્યૂહાત્મક પોર્ટ નેટવર્ક બનાવવાના APSEZ ના લાંબા ગાળાના વિઝન સાથે સુસંગત કંપનીને એશિયા-પેસિફિક સહિત ભારતીય વેપાર કોરિડોરમાં વૃદ્ધિના નવા તબક્કા માટે સ્થાન આપે છે.

વૈશ્વિક રોકાણકારો મહત્વપૂર્ણ બંદર માળખા પર જેમ જેમ ધ્યાન કેન્દ્રિત કરી રહ્યા છે, તેમ APSEZ આંતરરાષ્ટ્રીય માળખાને વિસ્તૃત કરી રહ્યું છે. સંસાધનોથી સમૃદ્ધ ક્વીન્સલેન્ડ સ્થિત ઊંડા પાણીની સુવિધાયુક્ત NQXT ટર્મિનલ વ્યૂહાત્મક મૂલ્ય પ્રદાન કરે છે. તેના ૯૦% કાર્ગો વોલ્યુમમાં એશિયન બજારો પૈકી ચીન અને ભારત હોવાથી, આ ટર્મિનલ પૂર્વ-પશ્ચિમ વેપાર કોરિડોર પર APSEZ ના નિયંત્રણને મજબૂત બનાવે છે. NQXT ઓસ્ટ્રેલિયાના કોલસા અને ચીજવસ્તુઓના સમૃદ્ધ ભંડાર સુધી સીધી પહોંચ ધરાવે છે. આ બંદર ભારત અને જૂથની વ્યાપક મહત્વાકાંક્ષાઓ સાથે ગ્રીન હાઈડ્રોજનના ભાવિ નિકાસમાં પણ કેન્દ્રિય ભૂમિકા ભજવવા તૈયાર છે.



NQXનું સંપાદન FY25 ના અંદાજોના આધારે APSEZ ના કાર્ગો વોલ્યુમમાં ૮% અને તેના EBITDA માં ૬.૪% નો વધારો કરે છે.મહત્ત્વની વાત એ છે કે, તે FY30 સુધીમાં તેના વોલ્યુમને બમણું કરીને ૧ અબજ મેટ્રિક ટન પ્રતિ વર્ષ (MTPA) કરવાના કંપનીના લક્ષ્યને વેગ આપવા મદદરૂપ છે. હવે APSEZ નો પોર્ટફોલિયો ૧૯ બંદરો અને ટર્મિનલ્સ સુધી વિસ્તરે છે – જેમાં ૧૫ સ્થાનિક અને ૪ વિદેશી (ઈઝરાયલ, તાંઝાનિયા અને શ્રીલંકા) છે. છેલ્લા બે વર્ષમાં કંપનીનું આ ચોથું વિદેશી સંપાદન છે, જે આંતરરાષ્ટ્રીય બજારોમાં સતત વધારાને મજબૂત બનાવે છે. APSEZ એ ભારતના વેપાર હિતોને જાળવી રાખી આંતરરાષ્ટ્રીય સ્થળોને ટાર્ગેટ બનાવે છે. એક વરિષ્ઠ કંપની અધિકારી મુજબ કંપની તેનીવિદેશી યોજનાઓમાં ફક્ત એવા જ સ્થળોએ ભાગ લેશે જ્યાં ભારતીય વેપાર માર્ગો મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે.અમેરિકા-ચીનના વધતા વેપારી તણાવ વચ્ચે વૈશ્વિક બંદર માળખાગત સુવિધાઓ વિકસતા ભૂરાજકીય અને આર્થિક પરિદૃશ્યમાં એક કેન્દ્રબિંદુ બની ગઈ છે. તાજેતરના મેગા-સોદાઓ - જેમ કે બ્લેકરોકનો પનામા પોર્ટ્સમાં ઈ૨૩ બિલિયનનો રસ અને ગ્લોબલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પાર્ટનર્સનું ઈ૧૨.૫ બિલિયનનું સંપાદન - વિશ્વભરમાં બંદરોના વધતા વ્યૂહાત્મક મહત્વને પ્રકાશિત કરે છે. તેવામાં APSEZ દ્વારા દ્મઊઠ્નું સંપાદન વૈશ્વિક વેપાર કોરિડોરમાં કંપનીના લીવરેજને વધારે છે.રસપ્રદ વાત એ છે કે, આ સંપાદન NQX ટર્મિનલને પૂર્ણ વર્તુળમાં લાવે છે. ૨૦૧૧ માં APSEZ દ્વારા તે ૨ બિલિયન યુએસ ડોલરમાં હસ્તગત કરવામાં આવ્યું હતું. આ સંપત્તિ ૨૦૧૩ માં પ્રમોટર જૂથને વેચવામાં આવી હતી, જેનાથી કંપની તેના સ્થાનિક પદચિહ્નને વિસ્તૃત કરવા પર ધ્યાન કેન્દ્રિત કરી શકી હતી. મજબૂત બેલેન્સ શીટ અને ભારતમાં પ્રભુત્વ ધરાવતી સ્થિતિ સાથે APSEZ હવે ૨.૪ બિલિયન યુએસ ડોલરના મૂલ્યાંકન સાથે કમબેક કરી રહ્યું છે. વૈશ્વિકસ્તરે સૌથી વધુ સંસાધનોથી સમૃદ્ધ રાષ્ટ્રોમાંના એક ઓસ્ટ્રેલિયાએ બંદર ક્ષેત્રમાં લગભગ ૯ અબજ યુએસ ડોલરના ચીની રોકાણો આકર્ષ્યા છે. જે તાંઝાનિયા પછી બીજા ક્રમે છે. જ્યારે ઓસ્ટ્રેલિયા ઔપચારિક રીતે ચીનના બેલ્ટ એન્ડ રોડ પહેલનો ભાગ નથી, ત્યારે વૈશ્વિક સંસાધન અને વેપાર પરિદૃશ્યમાં તેનું મહત્વ નિર્વિવાદ છે. ભારત માટે ઓસ્ટ્રેલિયા મહત્વપૂર્ણ કાચા માલ અને ભવિષ્યના ઉર્જા પુરવઠા, જેમાં ગ્રીન હાઈડ્રોજન અને દુર્લભ પૃથ્વીનો સમાવેશ થાય છે, લાંબા ગાળાની પહોંચ સુરક્ષિત કરવામાં મુખ્ય ભાગીદારનું પ્રતિનિધિત્વ કરે છે. છઁજીઈઢ દ્વારા દ્મઊઠ્ ટર્મિનલનું સંપાદન ફક્ત બંદર વોલ્યુમ વધારવા કરતાં એક વ્યૂહાત્મક બાબત છે જે ભૂગોળ, સંસાધનો અને વેપાર પ્રવાહને એકસાથે લાવે છે. તે વિશ્વ સાથે ભારતની કનેક્ટિવિટી વધારી રાષ્ટ્રહિતનું કામ પણ કરે છે. અદાણી પોર્ટ્સ ફક્ત લોજિસ્ટિક્સ ખેલાડી તરીકે જ નહીં, પરંતુ ભારતના વૈશ્વિક વેપાર મહત્વાકાંક્ષાઓના મુખ્ય સક્ષમકર્તા તરીકે સ્થાન આપી રહ્યું છે.

# તંત્રી લેખ: શિક્ષણ વ્યવસ્થા – એક નવી દિશાની જરૂર

શિક્ષણ એ કોઇ પણ રાષ્ટ્રના વિકાસનો પાયો છે. આપણું ભવિષ્ય આજે સ્કૂલમાં બેઠેલા બાળકના હાથમાં છે. પણ આ ચિંતાનો વિષય છે કે આજની શિક્ષણ વ્યવસ્થા વિદ્યાર્થીઓમાં ગુણવત્તા કરતાં ગુણસંખ્યાને વધારે મહત્વ આપી રહી છે. અમે જોયું છે કે ઘણા વિદ્યાર્થીઓ વર્ષો સુધી અભ્યાસ કરે છે, ઉંચી ડિગ્રી મેળવે છે, પણ તેમને જીવનના ખરેખર પ્રશ્નોના જવાબ આવડતા નથી. તેઓ માંડીને નોકરી શોધવામાં પણ અસફળ રહે છે. શા માટે? કારણ કે શિક્ષણ વ્યાવસાયિક બન્યું છે, શીખવવામાંનો સાચો અર્થ ગૂમ થઇ ગયો છે.આજે જરૂર છે એવી શિક્ષણ પદ્ધતિની, જે માત્ર પુસ્તકો સુધી સીમિત ન હોય, પરંતુ જીવન જીવવાની રીત પણ શીખવે. બાળકોમાં નૈતિક મૂલ્યો, સમાજ પ્રત્યેની જવાબદારી, અને સ્વાવલંબન નું બળ ભરવું જોઇએ. શિક્ષક માત્ર વિષય જ નહિ, પણ જીવન જ્ઞાન આપનાર હોવો જોઇએ.અહીં સરકાર અને સમાજ બંનેની ભૂમિકા મહત્વની બને છે. ગુણવત્તાવાળું શિક્ષણ, આધુનિક અને ઉપયોગી અભ્યાસક્રમ, પ્રેરણાદાયક શિક્ષકો અને સકારાત્મક શૈક્ષણિક વાતાવરણ દ્વારા આપણે નવી પેઢીને ઊંડા રણમાં નહીં, પરંતુ નવી ઊંચાઇ તરફ લઇ જઇ શકીએ છીએ.શિક્ષણ એ માત્ર નોકરી માટે નહિ, પણ એક સંસ્કાર માટે હોવું જોઇએ – અને એ દિશામાં હવે આપણું આગળ વધવું અત્યંત જરૂરી છે.

તંત્રી શ્રી : વિશાલભાઈ બાબુભાઈ મહેશ્વરી



ફોન નંબર 63538 24749 - વોટ્સઅપ નંબર 92744 87873
ઇમેઇલ . gandhidhamcrimepetrolnews@gmail.com
Website- Gandhidhamcrimepetrolnews.net

# કચ્છના સર્જકને વૈશ્વિક યુનીવર્સિટી દ્વારા 'માનદ ડોકટરેટ' એવોર્ડ આપવાની જાહેરાત

## નર્મદચંદ્રક અને દુલેરાય કારાણી એવોર્ડ વિજેતા ગૌતમ જોશીની સાહિત્ય સેવાઓની ગ્લોબલ પીસ યુનિવર્સિટી દ્વારા કદર કરાઈ

ભુજ

કચ્છના જાણીતા સર્જક અને પોલીસ ખાતામાંથી સુદીર્ઘ સેવાઓ આપ્યા બાદ નિવૃત્ત થયેલા ગૌતમ એસ. જોશીએ કચ્છી-ગુજરાતી સાહિત્ય સેવા ક્ષેત્રે આપેલા પ્રદાન બદલ ગ્લોબલ હ્યુમન પીસ યુનિવર્સિટી ઇંગ્લેન્ડ દ્વારા માનદ ડોક્ટરેટની પદવી એનાયત કરવાનો નિર્ણય લેવાયો છે. કચ્છીમાં ૩૭ સહિત કુલ ૪૪ પુસ્તકોના સર્જક ગૌતમ જોશીને દુલેરાય કારાણી એવોર્ડથી સન્માનિત કરાયા અને તે અગાઉ કચ્છની રંગભૂમિ પર તેમણે જિલ્લાના લોકપ્રિય દૈનિક 'કચ્છમિત્ર'માં આપેલી કટાર અને એ પરથી સર્જાયેલા 'કચ્છની રંગભૂમિ' પુસ્તકને નર્મદ ચંદ્રકથી સન્માનિત કરાયા છે. સંશોધનાત્મક આ પુસ્તકમાં કચ્છની લુપ્ત થવાને આરે પહોંચેલી કચ્છની રંગભૂમિની મૂળ વાત પુન: ઉજાગર કરાઇ છે. ઈંગ્લેન્ડની ગ્લોબલ બેક્ર ઓફ એકસેલન્સ સંલગ્ન ગ્લોબલ હ્યુમન યુનિવર્સિટીના સેનેટના ડો. પી. મેન્યુઅલે જોશીની સાહિત્ય સેવાઓની નોંધરૂપે સેન્ટ અને પરામર્શક સમિતિએ લીધેલા નિર્ણય અનુસાર ગૌતમ આ એવોર્ડ ૧૭મી મેના ગોવા ખાતે એનાયત કરાશે. શ્રી જોશીની આ સિદ્ધિ બદલ દુલેરાય કારાણી એવોર્ડ સમિતિના હેમરાજ શાહ તથા વી.આર.ટી.આઈ.ના ગોરધન ભાઈ પટેલ 'કવિ', કચ્છના સાહિત્ય વર્તુળ તથા ગ્લોબલ હ્યુમન પીસ યુનિ.ના વાઈસ ચાન્સેલર ડો. કે. વ્યંકટેશએ શુભેચ્છા આપી હતી.



# નિવૃત શિક્ષક દ્વારા તેઓના સ્વ. માતૃશ્રીની સ્મૃતિમાં સશસ્ત્ર સેના ધ્વજદિન ભંડોળમાં સહયોગ આપી સમાજને આપી નવી રાહ

ભુજ

યુદ્ધ હોય કે શાંતી આપણી સશસ્ત્ર સેનાઓ દેશની સેવામાં પોતાનું અમૂલ્ય યોગદાન આપતી રહી છે. રાષ્ટ્રની વિશાળ સરહદોના રક્ષણ માટે જ્યારે જ્યારે હાકલ પડી છે ત્યારે ત્યારે આપણી સેનાએ નિસ્વાર્થ કર્તવ્ય પરાયણતા અને રણભૂમિમાં પોતાની સવર્શ્રેષ્ઠ કાર્યદક્ષાતાની મિશાલ કાયમ કરી છે. માતૃભૂમિનાં રક્ષણ માટે સરહદોનું રખોપું કરતા આપણા શુરવીર જવાનોની સેવાનું તો કોઈ મુલ્ય આકી શકાય નહિ અને હાલમાં દેશમાં જે પરિસ્થિતિનું નિર્માણ થયેલ હતું અને તેવા કપરા સમયે પણ ભારતીય સેનાનાં શુરવીર જવાનોએ પોતાના અદમ્ય સાહસ અને બહાદુરીનો પરચો દુશ્મનોને બતાવી દીધો હતો તેનાથી સૌ નાગરિકો સારી રીતે વાકેફ છે. આવી વિષમ પરિસ્થિતિ અને કઠિન પરિબળો વચ્ચે દેશનાં સિમાળાઓ પર ફરજ બજાવતા દેશના જવાનોની બહાદુરી અને સાહસને બિરદાવવી તે પણ દેશના નાગરિકોની નૈતિક ફરજ છે તેવા ઉચ્ચ ઉદ્દેશ્યો ધરાવતા મૂળ દહિસરાના અને હાલ ભુજ ખાતે સ્થાઈ થયેલ નિવૃત શીક્ષક શ્રી વસંતભાઈ જોશી તરફથી તેઓનાં સ્વ. માતુશ્રી ઝવેરબેન જેરામભાઈ જોશીની સ્મૃતિ માંજિલ્લા સૈનિક કલ્યાણ અને પુનર્વસવાટ કચેરીએ તા ૧૨ મેં ૨૦૨૫ના રોજ રૂબરૂ આવી સશસ્ત્ર સેના ધ્વજદિન ભંડોળમાંરૂ. ૫૧,૦૦૦/- (રૂપિયા એકાવન હજાર) નું માતબર ફંડ આપ્યું હતું અને આપણી સશસ્ત્ર સેનાઓનો આભાર વ્યક્ત કરી સેનાની સેવાઓને બિરદાવેલ હતી. શ્રી વસંતભાઈ જોશી અને તેઓના પરિવારના આ સહયોગ માટે કચેરીના અધિકારી શ્રી હિરેન લીમ્બાચિયાએ જિલ્લા સૈનિક કલ્યાણ અને પુનર્વસવાટ નાં પ્રમુખ અને કલેકટર, ભુજ તરફથી તેઓનો આભાર વ્યક્ત કરેલ અને સૈનિક કલ્યાણની વિવિધ કલ્યાણકારી યોજનાઓને હજુ વધુ વિસ્તૃત અને લાભકારી કરી શકાય તે માટે સશસ્ત્ર સેના ધ્વજ દિવસમાં ફાળો આપવા જીલ્લાના નાગરિકોને અનુરોધ કરેલ હતો. આ ફાળો જિલ્લાના નાગરિકો,જિલ્લા સૈનિક કલ્યાણ અને પુનર્વસવાટ કચેરી, રૂમ ન. ૧૧૪, બહુમાળી ભવન, ભુજ,(ફોન ૦૨૮૩૨-૨૨૧૦૮૫)ખાતે રૂબરૂમાં રોકડ,ચેક, ડીમાન્ડ ડ્રાફટ, થી " કલેકટર અને પ્રમુખશ્રી, આર્મ્ડ ફોર્સીસ ફલેગ ડે ફંડ એકાઉન્ટ, ભુજ" સ્ટેટ બેક્ર ઓફ ઈન્ડિયા મારફતે પણ જમા કરાવી શકો છો તેમ વધુમાં જણાવેલ.



# નવસારી જિલ્લા કલેકટરશ્રી ક્ષિપ્રા આગ્રેના અધ્યક્ષસ્થાને જિલ્લા આદિજાતિ તકેદારી સમિતિની સમીક્ષા બેઠક યોજાઇ

નવસારીઃ નવસારી જિલ્લા સેવાસદનના સભાખંડ ખાતે યોજાયેલી જિલ્લા તકેદારી સમિતિની ત્રિ-માસિક સમીક્ષા બેઠકમાં જિલ્લા કલેક્ટરશ્રી ક્ષિપ્રા આગ્રેએ અનુસૂચિત જનજાતિ અત્યાચાર નિવારણ ધારો ૧૯૮૯ હેઠળ નવસારી જિલ્લામાં ઓક્ટોબર-૨૦૨૪ થી માર્ચ-૨૦૨૫ અંતિત દરમિયાન અનુસૂચિત જનજાતિના ઇસમો ઉપર થયેલ અત્યાચારના બનાવોની ઘટના, કોર્ટ પેન્ડિંગ કેસો, પોલીસ તપાસ હેઠળના ગુનાઓ, સહાય ચુકવણું, તેમજ અનુસૂચિત જનજાતિના લોકો દ્વારા પોલીસ રક્ષણની કરાયેલી માંગણી તથા અન્ય ખાતાઓ સાથે બાકી પ્રશ્નો અંગેની સમીક્ષા કરી હતી.



બેઠકમાં આદિજાતિ વિકાસ વિભાગ દ્વારા જરૂરી માહિતી અંગે અવગત કરાયા હતા.જેમાં અત્યાચારના ગુનાની નોંધણી, ધરપકડ, ચાર્જશીટ, કોર્ટકેસ સુધીની પ્રક્રિયા અને સહાય ચુકવણી સંદર્ભે થયેલી કામગીરી અંગે જાણકારી આપવામાં આવી હતી.

ઉલ્લેખનીય છે કે, નવસારી જિલ્લામાં ઓક્ટોબર-૨૦૨૪ થી માર્ચ-૨૦૨૫ દરમિયાન કુલ-૦૪ બનાવ નોંધાયેલ છે. વર્ષ-૧૯૯૫-૯૬ થી ૨૦૨૪-૨૫ સુધી કોર્ટમાં ૨૩૬ કેસો દાખલ કરવામાં આવ્યા હતા. જેમાંથી ૧૯૫ કેસોમાં જજમેન્ટ આવ્યું છે અને સપ્ટેમ્બર-૨૪ સુધી ૩૬ કેસો પેન્ડિંગ છે. આ સાથે કુલ-૦૯ કેસોમાં સહાય ચુકવવામાં આવી છે.

આ બેઠકમાં વકીલાત સાથે સંકળાયેલા સભ્યો તથા સમિતિના સભ્યો સહિત ઉચ્ચ અધિકારી કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

24X7 જી.સી.પી ન્યુઝ
ગાંધીધામ ક્રાઈમ પેટ્રોલ ન્યુઝ

શ્રી બજરંગી મોટર્સ
તમામ લગઝરી કાર નું તમામ કામ સર્વિસ કરવામાં આવે છે
જગદીશભાઈ બી. મહેશ્વરી - સંપર્ક નંબર +919978521687
ગાંધીધામ કચ્છ

લીગલ એડવોકેટ એન્ડ નોટરી



ગાંધીધામ ક્રાઈમ પેટ્રોલ ન્યુઝ ના લીગલ એડવોકેટ એન્ડ નોટરી. પ્રવીણભાઈ એમ. મહેશ્વરી 98255 24911 ગાંધીધામ કચ્છ